૬૭

ક્રો.ફા

અપંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ / સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક તથા રાજ્ય પારિતોષિક આપવા માટે રાજ્યકક્ષાની પસંદગી સમિતિની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦૨૦૧૨/૨૪૫૯૦૫/છ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૦ /૭/૨૦૧૩.

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો તા.૨૪/૫/૨૦૧૦નો ઠરાવ ક્ર – અપગ/૧૦૮૯/૩૭૪૭/૫૪/છ-૧

(૨) આ વિભાગનો તા.૧૫/૬/૨૦૧૦નો સુધારા ઠરાવ ક્ર – અપગ/૧૦૮૯/૩૭૪૭/૫૪/છ-૧

(૩) આ વિભાગનો તા.૧૧/૫/૨૦૧૨નો ઠરાવ ક્ર – અપગ/૧૦૨૦૧૨/૨૪૫૯૦૫/છ-૧

આમુખ :-

વિભાગના વંચાણે લીધેલ ક્રમ – (૧) ના ઠરાવથી અપંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ / સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક તથા રાજ્ય પારિતોષિક માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુનઃ રચના કરવામાં આવેલ હતી, તેમજ વંચાણે લીધેલ ક્રમ – (૨) ના સુધારા ઠરાવથી ઉપરોક્ત સમિતિમાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો સમાવેશ કરીને સભ્ય સચિવશ્રી તરીકેનો હોદ્દો આપવામાં આવેલ હતો. છેલ્લે ઉપર વંચણે લીધેલ ક્રમ – (૩) ના તા.૧૧/૫/૨૦૧૨ના ઠરાવથી આ સમિતિની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવેલ હતી. આ સમિતિની મુદત તા.૨૩/૫/૨૦૧૩ના રોજ પૂર્ણ થયેલ છે.

ઠરાવ :-

ઉપરોક્ત આમુખમાં દર્શાવેલ અપંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ / સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક તથા રાજ્ય પારિતોષિક માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની મુદત વધુ એક વર્ષ લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત

સમિતિની મુદત વધુ એક વર્ષ લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે. સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે :-

| ક્રમ | સમિતિના સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | માન. મંત્રીશ્રી(સામાજીક ન્યાય અને અધિકારિતા) | માન. અધ્યક્ષશ્રી |
| ૨ | અગ્ર સચિવશ્રી(સામાજીક ન્યાય અને અધિકારિતા) | સભ્યશ્રી |
| ૩ | વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૪ | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત. શિ., બ્લોકનં.-૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૫ | કમિશ્નરશ્રી, રોજગાર અને તાલીમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬ | સંયુક્ત/નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા, (સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ) | સચિવશ્રી |
| ૭ | શ્રી ભાસ્કરભાઈ મહેતા, વિકલાંગ વ્યક્તિઓ માટેના પૂર્વ કમિશ્નરશ્રી | સભ્યશ્રી (બિન સરકારી) |
| ૮ | શ્રી લાલજીભાઈ સોલંકી, પૂર્વ ધારા સભ્યશ્રી, જામનગર. | સભ્યશ્રી (બિન સરકારી) |
| ૯ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

૨/- વંચાણમાં લીધેલ ક્રમ – (૧) અને (૨) ના ઠરાવ / સુધારા ઠરાવમાં દર્શાવેલ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એલ.ઝાલા )

નાયબ સવચિવ,

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(3) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન.રા.ક.મંત્રીશ્રી, સામાજીક અને શૈ.પછાત વર્ગોનું કલ્યાણ, સચિ..ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સાથે.

(૭) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.-૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) કમિશ્નરશ્રી, રોજગાર અને તાલીમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, વિકલાંગ વ્યક્તિઓ માટેના પૂર્વ કમિશ્નરશ્રી, ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)

(૧૦) શ્રી લાલજીભાઈ સોલંકી, પૂર્વ ધારા સભ્યશ્રી, જામનગર. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત),

(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.

(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / રાજકોટ

(૧૩) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૪) નાણાકીય સલાહકારશ્રી,સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૫) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર.

(૧૬) સેકશન અધિકારીશ્રી, છ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર.

(૧૭) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

------ X ------